PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/કવા–૦૧/૧૭–૧૮/ ૩૬૯૮ તા. ૧૦/૦૪/૧૧

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થા,
C/O, વિષ્ણુભાઈ એમ. બારોટ,
વિવેકાનંદ સોસાયટી,
રાજકોટ રોડ,
વાકાનેર
મો: ૯૮૨૫૯ ૧૩૪૨૮

**વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૨/કવા–૦૧/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૭.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૨/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે શ્રી વિષ્ણુભાઈ બારોટ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)**

**રજુઆત કરનાર : ડી.ડી. ઝાલવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વાકાનેર)**

## : હુકમ :

**ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ''અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થાન – હરમંદીર'' ના જોડાણ નં. : ૮૧૬૦૧/૧૫૭૦૬/૧, '' જે ખરેખર (જી.એલ.પી.) હેઠળ નુ– બીન વ્યાપારીક એવુ ધાર્મીક મંદીર'' નુ જોડાણ છે. અને આ જોડાણ નો ઉપયોગ '' વાણીજય – વ્યાપારીક '' મુજબ નો થતો નથી. તેમ છતા, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા આ જોડાણ ના હેતુ ને, '' વાણીજય – વ્યાપારીક '' ના દરજ્જા હેઠળ મુકી, અને માહે એપ્રીલ – ૧૪ થી માર્ચ–૧૫ સુધી ના, અગાઉ ના ૧૨ માસ ના બીલોને, '' ૧૫% વીજકર ને બદલે ૨૫% વીજકર '' મા તબ્દીલ કરી, અને તબ્દીલી અન્વયે ની ગણતરીએ થતી કુલ રકમ રૂ.૧૨,૧૬૩/૬૬ નુ, જે પુરવણીબીલ અપાયેલ છે, તે પુરવણીબીલ, જે સરકાર શ્રી ના વીજકર ખાતાના ધારાધોરણ હેઠળ, જે ખરેખર નિયમાધીન રીતે યોગ્ય અને વ્યાજબીપણા હેઠળ આવરી લઈ અને ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ''અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થાન – હરમંદીર'' ના જોડાણ નં. : ૮૧૬૦૧/૧૫૭૦૬/૧, '' જે ખરેખર (જી.એલ.પી.) હેઠળ નુ– બીન વ્યાપારીક એવુ, તા.૨૨–૦૧–૨૦૦૮ થી રીલીઝ કરાયેલ એવુ મંદીર'' નુ જોડાણ છે. આ જોડાણ જે તે સમયે, '' બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થા – ના નામના સાર્વજનીક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ હોવાનો '' ચેરીટી કમીશ્નર નો નોંધણી નો દાખલો રજુ કરાયેલ હતો. આમ, પ્રથમ થી જ સદર જોડાણ નો ઉપયોગ '' વાણીજય – વ્યાપારીક '' મુજબ નહી, પરંતુ, '' મંદીર અને સાર્વજનીક હેતુ '' મુજબ નો છે. જેથી, સદર જોડાણ નુ બીલીંગ, જે જોડાણ શરૂ થયા તા.૨૨–૦૧–૨૦૦૮ થી આજદિન સુધી, ૧૫% વીજકર ની ગણતરીએ કરાયેલ છે. |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, સદર '' સાર્વજનીક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ એવા મંદીર વાળા'' આ જોડાણ ના, જોડાણ ચાલુ કરાયા તા.૨૨–૦૧–૨૦૦૮ ના રોજ ની અરજી સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ વિશેષ સ્પષ્ટતાઓ માટે '' સદર જોડાણ ના ગ્રાહક પાસેથી '' ટ્રસ્ટડીડ, નોંધણી સર્ટીફીકેટ વગેરે – જે ગ્રાહક પાસેથી, સબંધક કચેરી ના જવાબદાર અધિકારી મારફત મંગાવી, અને '' જોડાણ ના ખરા હેતુ ની સ્પષ્ટતા કર્યા વગર,'' પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા આ જોડાણ ને, '' સાર્વજનીક હેતુ ના મંદીર આ જોડાણ ના સાર્વજનીક હેતુ ને બદલે – વાણીજય / વ્યાપારીક '' ના દરજ્જા હેઠળ મુકી, અને માહે એપ્રીલ – ૧૪ થી માર્ચ–૧૫ સુધી ના, અગાઉ ના ૧૨ માસ ના બીલોને, '' ૧૫% વીજકર ને બદલે ૨૫% વીજકર '' મા તબ્દીલ કરી, અને તબ્દીલી અન્વયે ની ગણતરીએ થતી કુલ રકમ રૂ.૧૨,૧૬૩/૬૬ નુ, જે પુરવણીબીલ અપાયેલ છે. |

| | |
|---|---|
| **૨.૩** | વિશેષ મા, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે નુ, સદર પુરવણી બીલ અરજદાર શ્રી ને આપતા પહેલા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા જોગવાઈ મુજબ – અરજદાર શ્રી ને ૩૦ દિવસ ની નોટીસ આપી અને અરજદાર શ્રી પાસેથી, જોડાણ ના હેતુ ની દસ્તાવેજીક આધાર – પુરાવાઓ સાથે ના પેપર્સ આનુષાંગીક સ્પષ્ટતા મેળવ્યા બાદ ની કાર્યવાહી ન કરતા – સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ને સીધુ જ સદર પુરવણીબીલ, જે નિયમીત '' વીજબીલ ના ફોર્મ મા'' મે–૨૦૧૬ મુજબ ના વીજબીલ ના દરજ્જે પુરવણી બીલ અપાયેલ છે. |
| **૨.૪** | તદ ઉપરાંત, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, વિશેષ સમર્થન આપવા સાથે ની, અત્રે થી સ્પષ્ટતા કરવામા આવે છે કે, '' સદર બીલ આપતા પહેલા, જીઈઆરસી ના ધારાધોરણ મુજબ નોટીસ આપવી જરૂરી હતી, તેમજ સદર જોડાણકાર પાસેથી, જોડાણ નો હેતુ સ્પષ્ટ કરતો કાયદેસર નો દસ્તાવેજીક પેપર મેળવવા માટે ની બાબત '' પણ જરૂરી હતી. સદર કેઈસ મા, આમ થયેલ નથી. જેથી, અત્રેથી એ સ્પષ્ટતા આપવામા આવે છે કે, સદર જોડાણ નો હેતુ, '' સાર્વજનીક હેતુ ના મંદીર મુજબ નો છે, નહી કે વાણીજય – વ્યાપારીક હેતુ મુજબ નો'' આ મુજબ ના કારણ ને દસ્તાવેજીક સમર્થન મળે તે માટે, અરજદાર શ્રી પાસેથી, સદર જોડાણ ના ટ્રસ્ટ નુ ડીડ, તેમજ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, વગેરે પેપર્સ તેમજ અરજદાર શ્રી ની લેખીત સ્પષ્ટતાઓ સાથે નો પત્ર મેળવવા મા આવશે. જે અન્વયે સદર જોડાણ નો હેતુ, '' સાર્વજનીક હેતુ ના મંદીર મુજબ નો છે, નહી કે વાણીજય – વ્યાપારીક હેતુ મુજબ નો'' નિયત થશે તો, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, જે પ્રથમ થી જ એટલેકે જોડાણ ચાલુ કરાયા તા.૨૨–૦૧–૨૦૦૮ થી જ, '' સદર જોડાણ ના બીલીગ ખાતામા ૧૫% વીજકર ની આકારણી '' જે, આજદિન સુધી કરવામા આવેલ છે, તે મુજબ ની ૧૫% વીજકર ની આકારણી ને કાયમ રાખવામા આવશે. અને હાલ મા કરાયેલ ૧૫% વીજકર ને બદલે ૨૫% વીજકર ની તબ્દીલી, જે અયોગ્ય જણાતા, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ રદબાતલ કરી અને તેને આનુષાંગીક સવાલવાળુ પુરવણીબીલ પણ રદબાતલ કરવામા આવશે. અત્રે તરફથી આ મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી નુ, સવાલવાળુ, જોડાણ નં. : ૮૧૬૦૧/૧૫૭૦૬/૧, જે '' સાર્વજનીક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ એવા મંદીર વાળા'' હેતુ થી, જે તે.સમયે અગાઉ ની નવા જોડાણ ની અરજી મા કરાયેલ સ્પષ્ટતા મુજબ, સદર જોડાણ, જે તા.૨૨–૦૧–૨૦૦૮ ના રોજ ચાલુ જી.એલ.પી. કેટેગરી હેઠળ ચાલુ કરાયેલ હતુ. અને આ જોડાણ નુ બીલીગ જોડાણ ચાલુ થયા તા.૨૨–૦૧–૨૦૦૮ થી આજદિન સુધી, '' જી.એલ.પી. કેટેગરી હેઠળ નુ ૧૫% વીજકર ની ગણતરી મુજબ '' નુ જ બીલીગ થયેલ છે. |
| **૩.૨** | પરંતુ, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા, સદર જોડાણ ના માહે એપ્રીલ – ૧૪ થી માહે માર્ચ–૧૫ સુધી ના ૧૨ માસ ના બીલીગ ને, '' જે અગાઉ ૧૫% વીજકર ની ગણતરી થયેલ હતુ, તે બીલીગ ને ૧૫% વીજકર ને બદલે ૨૫% વીજકર ની ગણતરી '' હેઠળ તબ્દીલ કરી, અને તે અન્વયે ની, '' તફાવતીય વીજકર ની ગણતરી'' મુજબ નુ, રૂ.૧૨,૧૬૩/૬૬ નુ પુરવણીબીલ, જે અરજદાર શ્રી ને આપવાની, ઓડિટ ટીમ દ્વારા દરખાસ્ત થયેલ હતી. |
| **૩.૩** | પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ, '' ઓડિટ ટીમ દ્વારા કરાયેલ નિરીક્ષણ અન્વયે ની બાબતો ને આનુષાંગીક દરખાસ્ત '' જે, સબંધક કચેરી ના સક્ષમ વડા સમક્ષ રજુ કરવાની હોય છે. સદર કેઈસ મા, ઓડિટ ટીમ દ્વારા થયેલ સદર દરખાસ્ત ને આનુષાંગીક રહીને, સબંધક કચેરીના સક્ષમ વડા દ્વારા '' સદર દરખાસ્ત બાબતે યોગ્યતા'' નકકી કરવા માટે, સબંધક વીજ ગ્રાહક ને, નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૭૬ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર શ્રી ને, દિન–૩૦ ની નોટીસ આપી અને, તે અન્વયે અરજદાર શ્રી પાસેથી સદર તબ્દીલી બાબતેની, યોગ્યતા / અયોગ્યતા સબંધક કોઈ લેખીત સ્પષ્ટતાઓ મેળવવા માટે ની જે કાર્યવાહી નિયમાધીન સંપન્ન કરવાની બાબત જરૂરી હોવા છતા, સદર કેઈસ મા, સબંધક પેટા વિભાગીય કચેરી ના સક્ષમ વડા તરફથી આ મુજબ ની કાર્યવાહી કરાયેલ ન હતી. પરંતુ, ઓડિટ ટીમ દ્વારા દરખાસ્ત થયેલ સદર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૧૨,૧૬૩/૬૬ નુ, પુરવણી બીલ, જે સબંધક શહેર પેટા |

| | |
|---|---|
| | વિભાગીય કચેરી વાંકાનેર તરફથી, પત્ર ક્રમાંક : ૨૪૦૪ તા.૧૪–૦૫–૧૬ થી, '' નિયમીત વીજબીલ ફોર્મ મા, તબ્દીલી આનુષાંગીક ગણતરી ની રકમ દર્શાવી '' અને તે મુજબ પુરવણી બીલ અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ને સદર વીજકર ના દર ની તબ્દીલી નુ સવાલવાળુ પુરવણી બીલ આપતા પહેલા , પીજીવીસીએલ તરફથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ ની કોઈ આગવી કાર્યવાહી કરાયેલ નથી. જે બાબત નો પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. |
| <u>૩.૪</u> | તદ ઉપરાંત, સદર જોડાણ નં. : ૮૧૬૦૧/૧૫૭૦૬/૧ ની મુળ કેઈસ ફાઈલ મા, અગાઉ રજુ કરાયેલ એવા, જોડાણ ના હેતુ ને સ્પષ્ટતા સાથે ના સમર્થન આપતા દસ્તાવેજીક પેપર્સ – જેમકે ટ્રસ્ટડીડ, ટ્રસ્ટ નોંધણી સર્ટીફીકેટ, ટ્રસ્ટ ના ખરેખર હેતુ ને સ્પષ્ટતા આપતો એવો પત્ર વગેરે ચકાસણી કર્યા વગર, તેમજ પુરવણીબીલ આપતા પહેલા, અરજદાર શ્રી પાસેથી ફરી એક વખત આ મુજબ ના સ્પષ્ટતાજનક દસ્તાવેજીક પેપર્સ મેળવ્યા વગર, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રીના જોડાણ મા, વીજકર તબ્દીલી આનુષાંગીક ગણતરી ની રકમ દર્શાવી '' અને તે મુજબ પુરવણી બીલ અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ને સદર વીજકર ના દર ની તબ્દીલી નુ સવાલવાળુ પુરવણી બીલ આપતા પહેલા , પીજીવીસીએલ તરફથી, '' વીજ ગ્રાહક ને સંતોષજનક રહે તે મુજબ ની ન્યાયિક કાર્યવાહી '' કરાયેલ નથી. જે બાબત નો પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. |
| <u>૩.૫</u> | આમ, અરજદાર શ્રી નુ જોડાણ, જે ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ, '' સાર્વજનીક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ એવા મંદીર વાળા'' હેતુ વાળુ હોય, પ્રથમ થી જ ૧૫% ના વીજકર ની ગણતરીએ બીલીંગ થતુ હોય, આવા જોડાણ ના, માહે એપ્રીલ – ૧૪ થી માહે માર્ચ–૧૫ સુધી ના ૧૨ માસ ના બીલીંગ ને, મુળ ૧૫% ના વીજકર ની ગણતરી માથી, ૨૫% વીજકર ની ગણતરી મા તબ્દીલ કરી, અને તે ગણતરી અન્વયે સવાલવાળુ રૂ.૧૨,૧૬૩/૬૬ નુ, શહેર પેટા વિભાગીય કચેરી વાંકાનેર તરફથી, પત્ર ક્રમાંક : ૨૪૦૪ તા.૧૪–૦૫–૧૬ મારફત, અરજદાર શ્રી ને જે સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. તે પુરવણી બીલ ની યોગ્યતા નકકી કરવા માટે, મુદદા નં. ૩.૪ મા વર્ણવ્યા મુજબ ના દસ્તાવેજીક પેપર્સ આનુષાંગીક સ્પષ્ટતાઓ, જે અરજદાર શ્રી પાસેથી મેળવવાની બાબત, પીજીવીસીએલ પક્ષકાર માટે નિયમાધીન યોગ્ય હોવાની બાબત પણ, પીજીવીસીએલ પક્ષકારે ફોરમ કમિટી સમક્ષ સ્વીકારેલ છે. |
| <u>૩.૬</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ ની વિગત ને આધાર સમક્ષ રાખીને, મુદદા નં. ૩.૨ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી જે મુદદા નં. ૩.૩ અને ૩.૪ મા વર્ણવ્યા ની કાર્યવાહી ની પૂર્તતા થયેલ ન હોવાના કારણોસર, હવે સદર કેઈસ મા, મુદદા નં. ૩.૫ ની કાર્યવાહી હાથ ધરવાની બાબત, જે પીજીવીસીએલ માટે ન્યાયિક રીતે યોગ્ય અને નિયમાધીન જરૂરી છે. તે મુજબ ની સ્પષ્ટતા સાથે નો અભિપ્રાય, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ નો સદર અભિપ્રાય યોગ્ય ઠેરવાયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ દિન–૧૦ મા જ સંપન્ન કરવા નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૭</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૬ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આધીન એવી, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૪ મા ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અભિપ્રાય મુજબ ની કાર્યવાહી દરમ્યાન,– જો પીજીવીસીએલ પક્ષકાર ને, અરજદાર શ્રી ના સદર જોડાણ નો હેતુ, '' સાર્વજનીક હેતુ ~~ના~~ મંદીર મુજબ નો જ હોવાની બાબત – નહી કે વાણીજય – વ્યાપારીક હેતુ મુજબ નો હોવાની બાબત '' નિયત થશે તો, અરજદાર શ્રી ના સદર જોડાણ ને, '' સાર્વજનીક હેતુ ના મંદીર '' ના હેતુના દરજજા હેઠળ જ, જે પ્રથમ થી જ એટલેકે જોડાણ ચાલુ કરાયા તા.૨૨–૦૧–૨૦૦૮ થી જ પ્રસ્થાપિત થયેલ છે, તે દરજજા હેઠળ કાયમ રાખી, અને તે દરજજા હેઠળ જ, તા.૨૨–૦૧–૨૦૦૮ થી જ ૧૫% વીજકર ની ગણતરી નુ બીલીંગ કાયમ રાખી, અને તેને આનુષાંગીક રહી, '' અને હાલ મા કરાયેલ ૧૫% વીજકર ને બદલે ૨૫% વીજકર ની તબ્દીલી, જે ખરેખર નિયમાધીન અયોગ્ય જણાય તો, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ વીજકર તબ્દીલી ની ગણતરી અન્વયે ની રકમ રૂ.૧૨,૧૬૩/૬૬ નુ, પુરવણીબીલ પણ, દિન–૧૦ મા જ , અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ રદબાતલ કરી અને તે મુજબ ની અરજદાર શ્રી ને પત્ર મારફત જાણકારી આપવા સબબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા સબબ નો સદર કેઈસ મા નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૭ મા વર્ણવ્યા મુજબ ની કામગીરી, જે અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા સંપન્ન કરી, અને તે મુજબ ની અરજદાર શ્રી ને લેખીત પત્ર મારફત જાણકારી આપવા સબબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.